અપીલ અરજી નં.૮૬ તા.૮–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી આશિષકુમાર જે. પટેલ

સામાવાળાઃ– ડે.કમિશનર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી આશિષકુમાર જે. પટેલની તા.૧૨–૪–૧૦ ની અરજીથી ડે.કમિ.શ્રી (સ્પે) ના પરિપત્ર જીએડી/ઈએસટી/આર/૫૦૮ તા.૧૦–૧૧–૦૬ અન્વયે ત્રીજી શ્રેણી કલાર્ક ની તા.૫–૮–૦૭ ના રોજ લેવાયેલ લેખિત પરીક્ષામાં પાસ થયેલ કર્મચારીઓના નામ અને કર્મચારી નંબરની માહિતી આપવા અંગે તથા સદર કર્મચારીઓની નિમણુંક ત્રીજી શ્રેણી કલાર્ક માટે કરવા અંગે આજ દિન સુધી થયેલ કાર્યવાહીની માહિતી આપવા અંગે તથા હાલ કયા સ્ટેજ ઉપર છે તેની વિગત આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૮–૬–૧૦ ની **SMC/FAP/** નં.૮૬/૨૦૧૦–૧૧

શ્રી આશિષકુમાર જે. પટેલની તા.૧૨–૪–૧૦ ની અરજીથી ડે.કમિ.શ્રી (સ્પે) ના પરિપત્ર જીએડી/ઈએસટી /આર/૫૦૮ તા.૧૦–૧૧–૦૬ અન્વયે ત્રીજી શ્રેણી કલાર્ક ની તા.૫–૮–૦૭ ના રોજ લેવાયેલ લેખિત પરીક્ષામાં પાસ થયેલ કર્મચારીઓના નામ અને કર્મચારી નંબરની માહિતી આપવા અંગે તથા સદર કર્મચારીઓની નિમણુંક ત્રીજી શ્રેણી કલાર્ક માટે કરવા અંગે આજ દિન સુધી થયેલ કાર્યવાહીની માહિતી આપવા અંગે તથા હાલ કયા સ્ટેજ ઉપર છે તેની વિગત આપવા બાબતે ઈ.ચા. પર્સોનલ ઓફિસર આર અને મ. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટના પત્ર નં.જીએડી/ઈએસટી /આર/૩૪૯ તા.૧૦–૫–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૪૩ તા.૧૪–૬–૧૦ થી ડે.કમિશનર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૧૬ તા.૧૯–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર આરને અરજી તબદીલ અંગેના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૯૪ તા.૧૭–૪–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી માટે નકલ ફી ભરપાઈ કરવા અંગે પાઠવેલનં.જીએડી/ઈએસટી/આર/ ૩૦૧તા.૩૦–૪–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેના નં.જીએડી/ઈએસટી/આર/૩૪૯ તા.૧૦–૫–૧૦ ના પત્રની નકલ, નોંધ વિભાગ, સા.સ.ઠ. ૩૩ તા.૨૬–૭–૮૪ ના પત્રની નકલ, સા.સ.ઠ./૬૫ તા.૬–૫–૯૩ ના ઠરાવની નકલ, ત્રીજી શ્રેણી કલાર્કની જગ્યા માટે તા.૫–૮–૦૭ ના રોજ લેવામાં આવેલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોની યાદીની નકલ, ડે.કમિ.(સ્પે) ના નં.જીએડી/ઈએસટી/આર/૫૦૮ તા.૧૦–૧૧–૦૬ ના પરિપત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૨–૪–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૯૪ તા.૧૭–૪–૧૦ થી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ ઈએસટી/આર/૩૦૧ તા.૩૦–૪–૧૦ થી માહિતીના પાના નંગ–૬ અંગે પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૧૨/– જમા કરાવ્યેથી માંગવામાં આવેલી માહિતી બાબતે આગળની ઘટિત કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદારે રસીદ નં.૩૭૯૭૮૪ તા.૩–૫–૧૦ થી પૈસા ભરપાઈ કરેલ છે. જેના અનુસંધાને અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/૩૪૯ તા.૧૦–૫–૧૦ થી અરજદારને નોંધ વિભાગ,ઠરાવ નં.સા.સ.ઠ./૩૩ તા.૨૬–૭–૮૪ ની નકલ,સા.સ ઠ./૬૫ તા.૬–૫–૯૩ ની નકલ, તથા ત્રીજી શ્રેણી કલાર્કની જગ્યા માટે તા.૫–૮–૦૭ ના રોજ લેવામાં આવેલ લેખિત પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોની યાદીની નકલ પૂરી પાડેલ છે જે બાબતે આપેલ માહિતીના નિર્ણયથી નારાજ થઈ તા.૮–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે લેખિત પરીક્ષા લેવામાં આવેલ તેમાં પાસ થયેલ કર્મચારીઓના નામ તથા કર્મચારી નંબર સહિતની યાદીની રજૂઆત કરેલ છે જે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડેલ જણાતી નથી.

જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરક વિગતોમાં તેઓ કક્ષાએ બેઠક નંબર સહિતની જ યાદી અસ્તિત્વમાં હોઈ તે મુજબ યાદી આપ્યાનું જણાવેલ છે. પરંતુ તે માહિતી જે જાહેર સત્તા મંડળ કે જાહેર માહિતી અધિકારી કક્ષાએ હોય તેમને કલમ–૬(૩) નિયમ–૪(૨) હેઠળ તબદીલ કરેલ નથી. મનપાના કર્મચારીઓના કિસ્સામાં કર્મચારી નંબર તથા નામની માહિતી કચેરીમાં હોવાનું અનુમાનિત છે આજ બાબત કલમ–૪(૧) (બી) હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતીમાં પણ સમાવિષ્ટ થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૪–૧૦  અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી  મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં ઉપરોકત જણાવ્યા અંગેની નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી  અરજદારને  આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે  અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં  પૂરી પાડવા ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :       –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(સ્પે)  અને જાહેર માહિતી અધિકારી(રીક્રુટમેન્ટ)  .. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી આશિષકુમાર જે. પટેલ,